# અમેરિકાના 47મા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ વિશે તમે શું જાણો છો?

ડોનાલ્ડ ટ્રમ્પનો જન્મ 14મી જૂન 1946માં ન્યૂયોર્કના કવીન્સ વિસ્તારમાં થયો છે. ન્યૂયોર્ક અમેરિકાનું તેમ જ વિશ્વનું સૌથી આગળ પડતું શહેર છે. એ પાંચ વિભાગમાં વહેંચાયેલું છે. મુખ્ય છે મેનહટન પછી બ્રોન્ક્સ, બ્રુકલિન, સ્ટેટન આઈલેન્ડ અને કવીન્સ.

ટ્રમ્પના પિતાનું નામ ફ્રેડ ટ્રમ્પ અને એમની માતાનું નામ મેરી એન્ડ મેક્લો ટ્રમ્પ છે. યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયાની બહુ જાણીતી અને અમેરિકાની એક આગળ પડતી ખૂબ જ પ્રખ્યાત સારામાં સારી કહી શકાય એવી વોર્ટન સ્કૂલમાંથી 1968ના મે મહિનામાં ઈકોનોમિક્સમાં બેચલરની ડિગ્રી ડોનાલ્ડ ટ્રમ્પે મેળવી છે. એમણે ઝેક મોડેલ ઈવાના ઝેલનીકોવા સાથે 1977માં પ્રથમ લગ્ન કર્યા. આ લગ્નથી એમને ત્રણ સંતાનો છે. 1977માં ડોનાલ્ડ જુનિયરનો જન્મ થયો, 1981માં ઈવાન્કાનો જન્મ થયો અને 1984માં એમનું ત્રીજું સંતાન એરિકનો જન્મ થયો. 1990માં એમણે ઝેક મોડેલ ઈવાના ઝેલનીકોવાથી છૂટાછેડા મેળવ્યા. ત્યારબાદ ત્રણ વર્ષ પછી 1993માં એક્ટર્સ માર્લા મેપલ્સ સાથે દ્વિતીય લગ્ન કર્યા. માર્લા મેપલ્સથી ટ્રમ્પને 1993માં જ એક સંતાન પ્રાપ્ત થયું જેનું નામ ટીફની છે. ટ્રમ્પે એક્ટર્સ માર્લા મેપલ્સ સાથે પણ 1999માં છૂટાછેડા લીધા. ત્યારબાદ વર્ષ 2005માં તૃતીય લગ્ન સ્લોવેનિયન મોડેલ મિલાનિયા સાથે કર્યા. આ લગ્નથી એમને એક સંતાન વર્ષ 2006માં પ્રાપ્ત થયું. જેનું નામ છે બેરોન.

ડોનાલ્ડ ટ્રમ્પનું એવું કહેવું છે કે એમણે જિંદગીમાં ક્યારેય પણ દારૂ પીધો નથી. એક પણ સિગરેટ ફૂંકી નથી. ડ્રગ્સનું સેવન ક્યારેય કર્યું નથી. એમની કસરત છે ગોલ્ફની રમત! ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વાર અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવ્યા એ પહેલાં અમેરિકાના પ્રેસિડેન્ટ બનતા પહેલાં એમણે વર્ષ 2004થી 2015 સુધી બે રિયાલીટી ટીવી શૉ 'ધ એપ્રેંટિસ' અને 'ધ સેલિબ્રિટિ એપ્રેંટિસ' પ્રોડ્યુસ કર્યા હતા. તેઓ એના હોસ્ટ પણ હતા.

ડોનાલ્ડ ટ્રમ્પ વિશે અનેક જાણીતા લેખકો અને પ્રખ્યાત જર્નાલિસ્ટોએ અસંખ્ય પુસ્તકો લખ્યાં છે. એમાં 'ફાયર એન્ડ ફ્યુરી' આ પુસ્તક ખાસ વાંચવા જેવું છે. વર્ષ 2016માં અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાવા માટે રિપબ્લિકન નોમિની ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક નોમિની હિલેરી ક્લિન્ટન, જેઓ એક સમયના અમેરિકાના પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટનનાં પત્ની છે, એ બન્નેની વચ્ચે રસાકસીભરી હરીફાઈ થઈ હતી અને ડોનાલ્ડ ટ્રમ્પે હિલેરી ક્લિન્ટનને માત આપીને 27મી જાન્યુઆરી, 2017ના દિવસે પ્રથમવાર અમેરિકાના 45માં પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવીને વ્હાઈટ હાઉસમાં પર્દાપણ કર્યા હતા.



**અમેરિકા વિઝા ગાઈડ**
★ ડો. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

ટ્રમ્પ ત્યાર બાદ બીજી વાર પણ અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયા અને ઓવલ ઓફિસમાં એમણે 20મી જાન્યુઆરી, 2025ના દિવસે પર્દાપણ કર્યું. જેવો એમણે વ્હાઈટ હાઉસમાં પગ મૂક્યો કે તુરંત જ એમણે ઈમિગ્રેશનને લગતા અસંખ્ય એક્ઝિક્યુટિવ ઓર્ડરો ઉપર સહીઓ કરી. એમાંથી ખાસ જાણવા જેવો કાયદો એટલે 'બાન બર્થ સિટીઝનશિપ'. ટ્રમ્પ જ્યારે ચૂંટણીનો પ્રચાર કરતા હતા ત્યારે અમેરિકાના મતદારોને વચનો આપ્યાં હતાં કે તેઓ જેવા અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવશે કે તુરંત જ ઈ-લીગલ ઈમિગ્રન્ટોને અમેરિકા બહાર કાઢી મૂકશે અને ખરેખર 20મી જાન્યુઆરી, 2025ના એમણે જેઓ વ્હાઈટ હાઉસમાં પગ મૂક્યો કે ઓવલ ઓફિસમાં જઈને એક પછી એક એક્ઝિક્યુટિવ ઓર્ડરો પસાર કર્યા. એમણે 'નેશનલ ઈમરજન્સી એટ ધ મેક્સિકો યુનાઈટેડ સ્ટેટ્સ બોર્ડર' ડિક્લેર કરી. અસાયલમ માંગનારાઓને અમેરિકામાં પ્રવેશતા અટકાવ્યા. 'કેચ એન્ડ રિલીઝ' આ જે ઈ-લીગલ ઈમિગ્રન્ટોને માટેની અમેરિકાની પોલિસી હતી એ પ્રોસેસ એમણે બંધ કરાવ્યો. ટ્રમ્પે રેફ્યુઝીઓ જેમને અમેરિકામાં આશરો આપવામાં આવતો હતો એ બંધ કરાવ્યો

**ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વાર અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવ્યા એ પહેલાં અમેરિકાના પ્રેસિડેન્ટ બનતા પહેલાં એમણે વર્ષ 2004થી 2015 સુધી બે રિયાલીટી ટીવી શો 'ધ એપ્રેંટિસ' અને 'ધ સેલિબ્રિટિ એપ્રેંટિસ' પ્રોડ્યુસ કર્યા હતા. તેઓ એના હોસ્ટ પણ હતા**

આમ ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી ઢંઢેરામાં જે વચનો આપ્યા હતા એ પાળ્યા. સ્ટુડન્ટો માટે જે 'F' વિઝા 'ડ્યુરેશન ઓફ સ્ટેટ્સ' એટલે કે જ્યાં સુધી 'F-1' વિઝાધારક ભણતો હોય ત્યાં સુધી અમેરિકામાં રહી શકે એ બંધ કરાવ્યું અને ચાર વર્ષ સુધી જ સ્ટુડન્ટ વિઝા આપવા એવું ઠરાવ્યું. ચાર વર્ષ બાદ જો ભણતર ચાલુ રાખવાનું હોય, પૂરું થયું ન હોય તો એ પરદેશી વિદ્યાર્થી એના દેશમાં જઈને ફરી પાછા 'F-1' સંજ્ઞા ધરાવતા સ્ટુડન્ટ વિઝા મેળવવાના રહે છે. એમણે 'H-1B' વિઝા દાખલ કરવાની ફી જે લગભગ 205 ડૉલર છે એ વધારીને એક લાખ ડૉલરની કરી. એટલે કે કોઈપણ અમેરિકન કંપનીને પરદેશથી કોઈ ભણેલો, ગણેલો સ્પેશિયાલિટી ઓક્યુપેશન વર્કર બોલાવવો હોય તો એના માટે એણે જે અરજી કરવાની રહે, જે પિટિશન દાખલ કરવાનું રહે એની ફી એક લાખ ડૉલરની કરી. આને કોર્ટમાં પડકારવામાં આવી છે.

આમ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશનની બાબતમાં કેટલાય એક્ઝિક્યુટિવ ઓર્ડરો બહાર પાડ્યા છે. જેનાથી અમેરિકામાં તેમ જ વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો છે. આ કારણે ઈ-લીગલ ઈમિગ્રન્ટો જે અમેરિકામાં પ્રવેશતા હતા, કાયદેસર પ્રવેશીને ગેરકાયદેસર રહેતા હતા એમની સંખ્યા ઓછી થઈ ગઈ છે. પણ આની વિપરીત અસરો પણ પડી છે. ભારતીય વિદ્યાર્થીઓ જે ખૂબ મોટી સંખ્યામાં અમેરિકાની યુનિવર્સિટીઓમાં ભણવા જતા હતા તેઓ હવે વિશ્વના બીજા દેશોની યુનિવર્સિટીઓમાં ભણવા જવા લાગ્યા છે. સ્ટુડન્ટ વિઝા પર જે છૂટ મળતી હતી એ ટ્રમ્પે સીધી અને આડકતરી રીતે બંધ નહીં તો ઓછી તો કરી જ નાખી છે અને 'ઓપ્શનલ પ્રેક્ટિકલ પીરિયડ' પૂરો થતાં એ વિદ્યાર્થીઓને 'H-1B' વિઝા મળવાની શક્યતા સાવ નહીંવત જેવી થઈ ગઈ છે.

આમ અમેરિકાના બીજી વાર બનેલા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશનની બાબતમાં જાતજાતના એક્ઝિક્યુટિવ ઓર્ડરો બહાર પાડીને અમેરિકાના ઈમિગ્રેશનના કાયદાઓમાં જડમૂળથી ફેરફારો કરી નાખ્યા છે. હવે વિશ્વના લોકો જેઓ અમેરિકા જવાની ઈચ્છા ધરાવે છે કે ધરાવતા હતા ફરવા માટે, બિઝનેસ માટે, ભણવા માટે કે અન્ય કાર્યો માટે કે પછી કાયમ રહેવા માટે એ સર્વે હવે વિચારમાં પડી ગયા છે કે એમણે અમેરિકા જવું જોઈએ કે નહીં?

# રહેણાંક મકાનમાં વડીલનું ઓફિસ ચલાવવું 'વ્યાપારિક પ્રવૃત્તિ' નથી-કોર્ટનો ચુકાદો

દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જે દેશભરના વકીલો અને અન્ય પ્રોફેશનલ્સ માટે રાહતરૂપ સાબિત થયો છે. પ્રશ્ન હતો કે શું વકીલ પોતાના રહેણાંક મકાન કે તેના બેઝમેન્ટમાં ઓફિસ ચલાવે તો તેને 'કમર્શિયલ મિસયુઝ' ગણાય? હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યું - "વકીલ દ્વારા રહેણાંક મકાનનો ઉપયોગ પ્રોફેશનલ ઓફિસ તરીકે કરવો એ વ્યાવસાયિક સેવા છે, વ્યાવસાયિક પ્રવૃત્તિ નહીં."

આ કેસ B.K. Sood v. North Delhi Municipal Corporationનો હતો. અરજદાર એડવોકેટ બી.કે. સુદ નવી દિલ્હીના ગોલ્ફ એપાર્ટમેન્ટ, સુજનસિંહ પાર્ક ખાતે પોતાના રહેણાંક મકાનના બેઝમેન્ટમાંથી કાનૂની ઓફિસ ચલાવતા હતા. ન્યૂ દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ (NDMC) એ ફરિયાદ કરી કે અરજદારે રહેણાંક ઈમારતને કમર્શિયલ ઉપયોગ માટે વાપરી છે અને તે 'મકાનના ઉપયોગમાં ફેરફાર' ગણાય છે.

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

દિલ્હી હાઈકોર્ટે પોતાના હુકમમાં સ્પષ્ટપણે જણાવ્યું કે "વકીલની ઓફિસ એ એક પ્રોફેશનલ સર્વિસ છે, જે જ્ઞાન, બુદ્ધિ અને કુશળતા પર આધારિત છે. તેમાં વ્યાપારિક લાભ કે નફો મૂળ ઉદ્દેશ નથી." કોર્ટે Delhi Master Plan 2001 અને Delhi Building Bye-Laws 1983ની કલમોનો ઉલ્લેખ કરીને કહ્યું કે, રહેણાંક મકાનનો એક ભાગ (અથવા બેઝમેન્ટ) વકીલ, ડૉક્ટર અથવા આર્કિટેક્ટ જેવા પ્રોફેશનલ્સ દ્વારા ઓફિસ રૂપે ઉપયોગ કરી શકે છે; રહેણાંક મકાનનો 25% ભાગ અથવા 50 ચો.મી. (જે ઓછું હોય તે) સુધીનો ભાગ પ્રોફેશનલ ઉપયોગ માટે માન્ય છે; બેઝમેન્ટનો ઉપયોગ પણ માન્ય છે, જો તે હવા પ્રવાહ, સલામતી અને માળખાકીય નિયમોનું પાલન કરે.



**વકીલની ઓફિસ એ એક પ્રોફેશનલ સર્વિસ છે, જે જ્ઞાન, બુદ્ધિ અને કુશળતા પર આધારિત છે. તેમાં વ્યાપારિક લાભ કે નફો મૂળ ઉદ્દેશ નથી**

આ આધારે કોર્ટે NDMCની ફરિયાદ રદ કરી અને કહ્યું કે 22 વર્ષથી ચાલતી કાર્યવાહી 'abuse of process of law' સમાન છે.

આ ચુકાદાથી સ્પષ્ટ થયું કે -

૧. વડીલની ઓફિસ એ કમર્શિયલ પ્રવૃત્તિ નથી, તે વ્યાવસાયિક સેવા છે.

૨. નિયમો અનુસાર અને મર્યાદિત ભાગમાં ઉપયોગ થતો હોય તો તે 'કમર્શિયલ યુઝ' ગણાશે નહીં.

૩. આ ચુકાદો અન્ય રાજ્યો માટે પણ દિશાદર્શકરૂપ બની શકે છે.

**: કેન્ડલ લાઈટ :**

જુગારી થઈને મૂરખ જીવ, હિંમત કેમ હારે છે?
તને કોણે કહી દીધું, કદી બાજી નહીં જીતે?
- અમૃત ઘાયલ